દાખલ થયા તા.:–	ર૭/૦૩/ર૦ર૫		
રજી. લીધા તા.:–	૦૮/૦૭/ર૦ર૫		
ફેંસલ થયા તા.:–	ર૩/૦૭/ર૦ર૬		
સમયગાળો:–	વર્ષ	માસ	દિવસ

સુરેન્દ્રનગરના બીજા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (કે.એમ.આહીર) સાહેબની અદાલતમાં, મુ. સુરેન્દ્રનગર.

ફોજદારી કેસ નંબર : ર૫૯ર/ર૦ર૫
આંક ::–

લલીતભાઇ ચમનભાઇ લકુમ
રહે.પૃથુગઢ, તા.ધ્રાંગધ્રાં, જી.સુરેન્દ્રનગર. .... ફરીયાદી.

વિરૂધ્ધ

જયેશભાઇ શામજીભાઇ કણઝરીયા
રહે.નરસીપરા, ધ્રાંગધ્રાં,
જી.સુરેન્દ્રનગર. .... આરોપી.

બાબત ::– ધી નેગોશ્યેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ.

વકીલશ્રીઓ ::–
ફરીયાદી તર્ફે વિધ્વાન વકીલ શ્રી ડી.આર. ઝાલા
આરોપી તર્ફે વિધ્વાન વકીલ શ્રી પી.એફ. લકુમ

-// ચુકાદો //-

(૧) <u>ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુકમાં એવી છે કે,</u>

૧.૧) આ કામના ફરીયાદી તથા તહોમતદાર બન્ને મિત્ર સંબંધી છે. ફરીયાદીને આ કામના તહોમતદાર જયેશભાઈએ ફરીયાદીને વિશ્વાસમાં લઈ માર્ચ - ૨૦૨૪ થી ઓકટોબર-૨૦૨૪ સુધીમાં ફરીયાદી લલીતભાઈ પાસેથી કટકે કટકે આ કામના તતહોમતદારે સંબંધના દાવે હાથ ઉછીના રોકડા રૂા. ૬,૫૦,૦૦૦/- અંકે રૂપિયા છ લાખ પચાસ હજાર પુરા લીધેલ.

ફરીયાદીને આ કામના તહોમતદારે વિશ્વાસમાં લઈ વચન અને ભરોસો આપી ખાત્રીપુર્વક કહેલ કે દિવાળી -૨૦૨૪ માં એટલે કે નવેમ્બર-૨૦૨૪ માં "હુ જયેશ તમો લલીતભાઈને તમારા રૂા. ૬,૫૦,૦૦૦/- અંકે રૂપિયા છ લાખ પચાસ હજાર પુરા વસુલ પરત આપી દઈશ" જેથી દિવાળી - ૨૦૨૪ આસપાસ એટલે કે નવેમ્બર-૨૦૨૪ માં ફરીયાદીને આ કામના તહોમતદાર પાસે ફરીયાદીની કાયદેસરની આ કામના તહોમતદારને આપેલ હાથ ઉછીની રકમ રૂા. ૬,૫૦,૦૦૦/- અંકે રૂપિયા છ લાખ પચાસ હજાર પુરા અવાર નવાર આ કામના તહોમતદાર જયેશભાઈ પાસે પરત માગતા આ કામના તહોમતદાર જયેશભાઈએ ફરીયાદીને માહે ડિસેમ્બર-૨૦૨૪ માં રૂા.૨૫૦૦૦/- અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા રોકડા અને એચ.ડી.એફ.સી બેન્ક દુધરેજ રોડ, સુરેન્દ્રનગર શાખાનો ચેક નં.૦૦૦૦૦૪ રૂ.૪,૫૦,૦૦૦/- તથા એચ.ડી.એફ.સી બેન્ક દુધરેજ રોડ, સુરેન્દ્રનગર શાખાનો ચેક નં.૦૦૦૦૦૫ રૂ.૧,૭૫,૦૦૦/- ફરીયાદીને બે નંગ ચેકસ માં

તમામ વિગતો તહોમતદારે પોતાના સ્વહસ્તાક્ષરમાં ફરીયાદીની હાજરીમાં, રૂબરૂમાં ભરી અને દરેક વિગતો ચેકમાં લખી ત્યાર બાદ બન્ને ચેકસમાં આ કામના તહોમતદારે તેમની સહી ફરીયાદીની હાજરીમાં કરી અને ફરીયાદીનું નામ, ચેકની રકમ તથા ચેકની તારીખ દર્શાવી ફરીયાદીને આપેલ.

સદર બન્ને ચેકસ ની કુલ રકમ રૂા. ૬,૨૫,૦૦૦/- અંકે રૂપિયા છ લાખ પચ્ચીસ હજાર પુરા થાય છે અને સદર બન્ને ચેકસ પૈકી ચેક નં. ૦૦૦૦૦૫ એટલે કે રૂા. ૧,૭૫,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા નો ચેક આ કામના તહોમતદારે, ફરીયાદીને તા.૦૬/૦૨/૨૦૨૫ પછી બેન્કમાં રજુ કરવા ફરીયાદીને વિનંતી કરેલ, જેથી ચેક નં. ૦૦૦૦૦૫ કે જેમાં રૂા. ૧,૭૫,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરાની રકમ આ કામના તહોમતદારે ભરેલ હતી તે ચેકમાં આ કામના તહોમતદારે તા.૦૬/૦૨/૨૦૨૫ રૂા.૧,૭૫,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા ના ચેકમાં નાખેલ હતી અને સદર રૂા. ૧,૭૫,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા નો ચેક ફરીયાદીને, આ કામના તહોમતદારે આપેલ સુચના મુજબ ફરીયાદીએ તેઓના એકસીસ બેન્ક, સુરેન્દ્રનગર શાખામાં વસુલાત અર્થે તા.૦૭/૦૨/૨૦૨૫ ના રોજ રજુ કરતાં સદર રૂા.૧,૭૫,૦૦0/-અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા નો તા. ૧૦/૦૨/૨૦૨૫ ના એકસીસ બેન્ક, સુરેન્દ્રનગરના રીર્ટન મેમા સાથે Payment Stopped by the Drawer ના કારણ સાથે રીર્ટન સાથે રૂા. ૧,૭૫,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા નો ચેક વગર વસુલાતે પરત આવેલ છે, સદર

વિગતો વાળા ચેક નં. ૦૦૦૦૦૫ તા.૦૬–૦૨–૨૦૨૫ વાળા ચેકમાં આ કામના તહોમતદારે તમામ વિગતો ફરીયાદીની હાજરીમાં આ કામના તહોમતદારે જાતે સ્વહસ્તાક્ષરે ભરીને અને લખીને તહોમતદારે સહી કરીને સદર ચેક આ કામના તહોમતદારે, ફરીયાદીને આપેલ, અને સદર ચેક ફરીયાદીએ એકસીસ બેન્ક, સુરેન્દ્રનગર શાખામાં અમારા ખાતામાં વસુલાત અર્થે તા.૦૭/૦૨/૨૦૨૫ ના રોજ રજુ કરતાં સદર ચેક નીચે દર્શાવેલ વિગતો સાથે સુરેન્દ્રનગર મધ્યે વગર વસુલાતે તા. ૧૦/૦૨/૨૦૨૫ ના એકસીસ બેન્ક, સુરેન્દ્રનગરના ચેક રીર્ટન મેમા સાથે Payment Stopped by the Drawer ના શેરા સાથે વગર વસુલાતે પરત આવેલ છે.

સદરહું રૂા. ૧,૭૫,૦૦૦/– (અંકે રૂપીયા એક લાખ પંચોતેર હજાર પુરા) નો તા.૦૬/૦૨/૨૦૨૫ નો આ કામના તહોમતદારએ ફરીયાદીને આપેલ ચેક નં. ૦૦૦૦૦૫ ઉપરની હકીકતોએ સુરેન્દ્રનગર મધ્યે વગર વસુલાતે પરત આવેલ છે તેમ કરીને આ કામના તહોમતદારે જાણીબુઝીને ફરીયાદીની સાથે ધી નેગોશીયબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગંભીર ગુન્હોઓ સુરેન્દ્રનગર મધ્યે જાણી બુજીને ગુન્હાહિત માનસ ધરાવી બદઈરાદા પૂર્વક કરેલ છે, તથા સદરહુ રૂા.૧,૭૫,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા નો ચેક નં. ૦૦૦૦૦૫ વસુલ કરાવવા આ કામના તહોમતદાર કાયદા મુજબ જવાબદાર હતા અને છો, આ કામના તહોમતદારે તા.૨૪/૧૨/૨૦૨૪ ના રોજ ફરીયાદીને હાસ્યાસ્પદ અને ગેરકાયદેસર અને મલીન ઈરાદાવાળી અને બદહેતુ વાળી તદ્દન ખોટી નોટીસ પાઠાફેર હકીકતો ગોઠવી

અને ઉભી કરી આપેલ અને જેનો સત્ય હકીકત વાળો નોટીસ જવાબ તથા વળતી કાઉન્ટર ડીમાન્ડ નોટીસ ફરીયાદીએ આ કામના તહોમતદારને આપેલ, જેથી પણ આ કામના તહોમતદાર ગુન્હાઓ કરવાની ટેવવાળા છે.

આ કામનાં તહોમતદાર સદરહું ફરીયાદ ચેક નં. ૦૦૦૦૦૫ મુજબની રકમ રૂા. ૧,૭૫,૦૦૦/-(અંકે રૂપીયા એક લાખ પંચોતેર હજાર પુરા) ફરીયાદીને વસુલ આપવા કાયદેસર રીતે સંપૂર્ણ જવાબદાર થાય છે. ફરીયાદીએ સદરહું રૂા. ૧,૭૫,૦૦૦/-(અંકે રૂપીયા એક લાખ પંચોતેર હજાર પુરા) નો ચેક આ કામના તહોમતદારની કસુરને કારણે વગર વસુલાતે પરત આવતા ફરીયાદીએ વિ.વ.શ્રી ડી.આર. ઝાલા, એડવોકેટ મારફત આ કામના તતતહોમતદારને તેમનાં કાયમી અને સાચા સરનામે તા.૧૨-૦૨- ૨૦૨૫ ના રોજ રજી. એ.ડી. થી ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ મુજબની નોટીસ આપેલ સદરહું રજી. એ. ડી. નોટીસ આ કામના તહોમતદારને ધોરણસર તા.૧૪-૦૨- ૨૦૨૫ ના રોજ બજી ગયેલ છે અને ત્યાર બાદ પણ આ કામના તહોમતદારે તા.૨૧/૦૨/૨૦૨૫ ના રોજ હાસ્યાસ્પદ અને ગેરકાયદેસર અને મલીન ઈરાદાવાળી અને બદહેતુ વાળી પાઠાફેર હકીકતો ગોઠવી અને ઉભી કરી ખોટોઅને ઉડાવ નોટીસ જવાબ ફરીયાદીને અમારી તા.૧૨/૦૨/૨૦૨૫ ની ચેક રીર્ટનની લીગલ નોટીસનો આપેલ અને આ કામના તહોમતદારે ફરીયાદીને સદર ચેક નં. ૦૦૦૦૦૫ મુજબની ચેક મુજબની રકમ રૂા. ૧,૭૫,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા ફરીયાદીને આજદિન સુધી ચુકવેલ નથી.

સબબ ફરીયાદીએ અરજ કરેલ છે કે,આ કામનાં તહોમતદારની સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો નોંધી આ ફરીયાદ રજીસ્ટરે લઈ આ કામના તહોમતદાર સામે ફોજદારી રાહે સખ્ત પગલા ભરી કડક હાથે કાર્યવાહી કરી અને તહોમતદાર વિરૂઘ્ધ હુકમ પસાર કરવા ન્યાયનાં હિતમાં હુકમ કરવા મહેરબાની કરશોજી. તથા ચેક મુજબની રકમ રૂા. ૧,૭૫,૦૦૦/–(અંકે રૂપીયા એક લાખ પંચોતેર હજાર પુરા) વસુલ આપે તેવો ન્યાયનાં હિતમાં હુકમ કરવા મહેરબાની કરશોજી. તથા આ કામનાં તતહોમતદારને ચેકરની રકમ કરતા બમણી રકમનો દંડ તથા " સખ્ત કેદ" ની કાયદા અનુસાર પુરેપુરી સજા કરવા ન્યાય હિતમાં હુકમ કરવા મહેરબાની કરશોજી. તથા ચેકની રકમ મુજબનું વળતર અપાવવા પણ ન્યાયના હિતમાં હુકમ કરવા મહેરબાની કરશોજી તથા આ ફરીયાદનું તમામ ખર્ચ પણ આ કામના તહોમતદાર પાસેથી વસુલ અપાવવા ન્યાયના હિતમાં હુકમ કરવા મહેરબાની કરશોજી.

(૨) આરોપી વિરૂ૰ઘ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ મુજબ પ્રોસેસ કાઢતાં આરોપી કોર્ટમાં હાજર થતાં આરોપીને ફરીયાદ તથા દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવ્યા અંગેની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીને ફરીયાદની હકીકત વાંચી–સંભળાવતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં આંક–૬ થી આરોપીનું નિવેદન લેવામાં આવેલ છે અને ત્યારબાદ નિવેદન લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ હોય ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે આ કામે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(અ). **–:: <u>મૌખિક પુરાવા</u> ::–**

ક્રમ	વિગત	આંક
૧	ફરીયાદી– લલીતભાઇ ચમનભાઇ લકુમનું સરતપાસનું સોગંદનામું.	૪

(બ). **–:: <u>દસ્તાવેજી પુરાવા</u> ::–**

ક્રમ	વિગત	આંક
૧	તહોમતદારે ફરીયાદીને આપેલ ચેક અસલ	૧૨
૨	ચેક રીટર્ન મેમો અસલ	૧૩
૩	તહોમતદારને આપેલ રજી.એડી.ની નોટીસની ઓ.સી.નકલ	૧૪
૪	નોટીસ રજી.એડી.કર્યાની પોસ્ટની પહોંચ અસલ	૧૫
૫	નોટીસનો પોસ્ટખાતાનો ટ્રેકીંગ કન્સાઇન્મેન્ટ રીપોર્ટ	૧૬
૬	તહોમતદારે ફરીયાદીને આપેલ નોટીસનો જવાબ અસલ	૧૭
૭	તા.૩.૯.૨૪ ના કુલમુખત્યારનામાની ઝેરોક્ષ નકલ	૧૮
૮	તહોમતદારે ફરીયાદીને આપેલ નોટીસની ઝેરોક્ષ નકલ	૧૯
૯	તહોમતદારે આપેલ નોટીસનો ફરીયાદી તર્ફે આપેલ જવાબ તેમજ કાઉન્ટ ડિમાન્ડ નોટીસની ઓ.સી. નકલ	૨૦
૧૦	ફરીયાદીના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ	ટી.૨૧
૧૧	ફરીયાદીના પાસબુકની ઝેરોક્ષ નકલ	ટી.૨૨

વધુમાં, ફરીયાદપક્ષે આંક–ર૪ થી ફરીયાદપક્ષે આરોપીનો ઉલટ તપાસનો હક બંધ કરવા અરજ કરેલ. જે અરજી હેઠળ ફરીયાદીની ઉલટતપાસ કરવાનો આરોપીનો હક બંધ કરવામાં આવેલ છે. આ સીવાય ફરીયાદપક્ષે વિશેષ પુરાવો રજુ રાખવો ન હોય આંક–૩પ થી કલોઝીંગ પુરશીષ રજુ રાખી પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે.

ત્યારબાદ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા હકીકતો સબંધમાં આરોપીનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન/F.S માટે રાખવામાં આવેલ હતુ પરંતુ આરોપી વિશેષ નિવેદન આપવા માટે હાજર રહેલ ન હોય જેથી આરોપીનો આંક–૩૭ થી એફ.એસ./વિશેષ નિવેદન નો હક બંધ કરવામાં આવેલ છે.

ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી નાઓએ મૌખીક દલીલ કરી એવી રજુઆત કરવામાં આવે છે કે, આરોપીએ ગુન્હો કરેલ હોવાનું તેઓએ પુરવાર કરેલ હોય, તેથી આરોપીને મહત્તમ સજા કરવા તેમજ ચેકની રકમ વળતર અપાવવાં વિનંતી કરેલ છે. જયારે આરોપીપક્ષ તરફે દલીલ કરવા માટે કોઈ હાજર ન હોય, જેથી આરોપીનો દલીલનો હકક આંક–૩૮ નીચે હુકમ કરી હકક બંધ કરવામાં આવે છે.

સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૪) મુદ્દા:–

૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ – ૧૩૮તથા ૧૪૨ મુજબનો ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) હકારાત્મક

૨) આખરી હુકમ મુજબ

(૫) ઉપરોકત નિર્ણયો માટેના મારા તારણો નીચે મુજબ છે.

–// તારણો //–

હાલના કામે તથા કેસની હકીકતો ધ્યાને લઈએ તો, આ કામના આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે અને ફરીયાદીના કેસ મુજબ આ કામના આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણા પેટે તા.૦૬/૦૨/૨૦૨૫ ના રોજનો એચ.ડી.એફ.સી. બેંક, દુધરેજ સુરેન્દ્રનગર શાખાનો રૂ.૧,૭૫,૦૦૦/ –(અંકે રૂપીયા એકલાખ પંચ્ચોતેરહજાર પુરા) નો ચેક નં.૦૦૦૦૦૫ વાળો આપેલો, પરંતુ સદરહું ચેક " Payment Stopped By The Drawer "ના શેરા સાથે તા. ૧૦/૦૨/૨૦૨૫ ના રોજ રીટર્ન મેમા સાથે રીટર્ન થયેલ છે. ત્યારબાદ, ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફત

તા.૧૨/૦૨/૨૦૨૫ ના રોજ આરોપીને નોટીસ મોકલાવેલ. પરંતુ, ત્યારબાદ નોટીસ પીરીયડમાં આ કામના આરોપીએ નોટીસમાં જણાવેલ રકમ ચુકવી આપેલ નથી. જે અનુસંધાને ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૮ વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

Section 138 :- Where any cheque drawn a person on account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole, or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an acgreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless -

(a) The cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee of the holder in due course of the cheque as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or as the case may be, to the holder in due course of the cheque within fifteen days of the receipt of the said notice.

Explanation - For the purposes of this section "debt or other liability " means a legally enforceable debt or other liability.

ઉપરોક્ત કલમ વંચાણે લેતા ઉપરોક્ત કલમમાં આપવામાં આવેલ શરતો ન સંતોષાય તો ઉપરોક્ત કલમ– ૧૩૮ લાગુ પાડી શકાય નહી જેથી સૌપ્રથમ ઉપરોક્ત કલમમાં જણાવેલ શરતો સંતોષાય છે કે કેમ? તે જોવાનું રહે છે. ઉપરોક્ત કલમમાં પહેલી શરત એ છે કે, ચેક વટાવવા માટે ચેકની તારીખ થી છ મહીના અથવા તે વૈધ્યતાના સમયગાળામાં બેંક સમક્ષ ચેક જમા કરાવવો પડે. હાલના કામે જોઈએ તો ચેક તા. ૦૬/૦૨/૨૦૨૫ ના રોજનો છે. જ્યારે ચેક રીટર્ન મેમો તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજનો છે. આમ, ચેક સમયમર્યાદાની અંદર બેંક સમક્ષ રજુ કરવામાં આવેલ હોઈ, તેથી આ શરત સંતોષાય છે.

વધુમાં જોઈએ તો ઉપરોક્ત કલમ લાગુ પાડવા માટેની બીજી શરત એવી છે કે, ચેક ડીસઓનર થયાના ત્રીસ દિવસની અંદર ફરીયાદી(payee) એ ચેક જારી કરનારને લેખિતમાં નોટીસ આપવી પડે. આ સંદર્ભે જોઈએ તો હાલના કામે ચેક રીટર્ન મેમો તા. ૧૦/૦૨/૨૦૨૫ ના રોજનો છે, જ્યારે આરોપીને મોકલવામાં આવેલ નોટીસ તા. ૧૨/૦૨/૨૦૨૫ ના રોજની છે. આમ, ચેક રીટર્ન થયાના ત્રીસ દિવસની અંદર આ કામના ફરીયાદીએ નોટીસ

મોકલેલ હોય તે સ્પષ્ટ થાય છે. જેથી હાલના કામે આ બીજી શરત પણ સંતોષાય છે.

વધુમાં જોઈએ તો ઉપરોક્ત કલમની ત્રીજી શરત એવી છે કે, ઉપરોક્ત નોટીસ મળ્યાના ૧૫ દિવસની અંદર ચેક જારી કરનારે ચેકની રકમ આપવામાં કસુર કરેલ હોવી જોઈએ. આ ચેક સંદર્ભે આરોપીએ પૈસા આપેલા હોય તે અંગેના કોઈ પુરાવા આ કામે રજુ કરેલ નથી. આમ, ફરીયાદીએ આપેલ નોટીસ મળી ગયાના ૧૫ દિવસમાં આ કામના આરોપીએ ચેકની રકમ ચુકવવામાં કસુર કરેલ હોય તેમ સ્પષ્ટ થાય છે. જેથી આ શરત પણ સંતોષાય છે.

વધુમાં આ કામના આરોપીને તા. ૧૪/૦૨/૨૦૨૫ ના રોજ નોટીસ બજી ગયેલ છે અને ત્યારબાદના પંદર દિવસ એટલે કે તા. ૦૧/૦૩/૨૦૨૫ ના રોજ પુરા થાય છે અને ત્યારબાદ તા. ૦૧/૦૩/૨૦૨૫ બાદથી ૩૦(ત્રીસ) દીવસની અંદર એટલે કે ૩૧/૦૩/૨૦૨૫ ના રોજ સુધી ફરીયાદ દાખલ કરવી પડે. જ્યારે, હાલની ફરીયાદ તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ દાખલ કરવામાં આવેલ હોઈ, જેથી ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૨ મુજબ સમયમર્યાદામાં દાખલ કર્યાનું સ્પષ્ટ થાય છે.

આમ, કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈએ તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૯ નીચે મુજબ છે.

Section 139 . Presumption in favour of holder - It shall be presumed, unless the holder of a cheque received by the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whose or in part, or any debt or other liability.

ઉપરોક્ત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૯ સાથે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ અક્ટની કલમ– ૧૧૮ વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

Section 118. Presumptio as to Negotiable Instruments - Until the contrary is proved, the following presumptions shall be mad :

(a) **of consideration** : that every negotiable instrument was made or drawn for consideraton, and that every such instrument when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted in, endorsed, negotiated or transferred for consideration,

(b) **as to date** : that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **As to time of acceptance** : that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer** : that every transfer of negotiable instrument was made before its maturity;

(e) **as to order of endorsement** : that the indor sements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamp** : that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course** : that the holder of a negotiable instrument is a holder in due course;

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody there of, bymeans of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereofby means of an offence or fraud or for unlawful consideration, the burden of proving that the holder is a holder of negotiable lies upon him.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ હેઠળના અનુમાન અને અનુમાનના ખંડનના સિધ્ધાંત ધ્યાને લેતા હાલના કામે પણ ફરીયાદવાળા ચેક ઉપરની સહી આરોપીની હોવાનું પુરવાર થતુ હોઈ ત્યારે નામદાર સુપ્રીમ કોર્ટના રંગપ્પા વિરૂધ્ધ ધી મોહનલાલના કિસ્સામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો કે જે AIR 2010 Supreme Court Page No. 1898 ઉપર પ્રસિધ્ધ થયેલ છે. તે મુજબ કાયદાકીય અનુમાન કરવાનું રહે છે અને તેથી આરોપીએ એવા અનુમાનનું ખંડન કરવુ પડે.

આમ, આ કામે ફરીયાદ વાળો ચેક આરોપીના બેંક એકાઉન્ટથી સંબંધીત છે તથા તેમાં આરોપીની સહી છે તથા હાલ તે ફરીયાદીના કબજામાં છે તે હકીકત ધ્યાને લેતા, ઉપરોક્ત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે અને આરોપીએ તે અનુમાનનું ખંડન (Rebutt) કરવુ પડે.

જયારે હાલના કામે આરોપીએ ફરીયાદીની ઉલટતપાસ કરવાના સમયે તથા ત્યારબાદ અત્રેની કોર્ટ સમક્ષ ગેરહાજર રહેલ હોય, તેમ કરી આરોપીએ તે અનુમાન નું ખંડન (Rebutt) કરેલ નથી.

વધુમાં, જોઇએ તો આરોપીની ગેરહાજરીમાં ફરીયાદીનો પુરાવો નોંધી શકાય કે કેમ? તે અંગે જોઇએ તો નામ.ગુજરાત હાઈકોર્ટે Manoj Vasudev Sompura V/S State of Gujarat , 2023(0) AIJEL-HC 247313 ના ચુકાદા ઉપર પ્રસીધ્ધ થયેલ

છે, જે ચુકાદાનાં પેરા નં.૧૧ અને ૧૨ માં નીચે મુજબના શબ્દમાં સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે.

Para no.11

Before the trial Court, sucient opportunities were granted to the petitioner to conduct the cross-examination of the complainant. However, it appears that the petitioner had not availed of any of the opportunities provided by the trial Court to conduct cross-examination of the complainant. The trial Courthad even imposed costs upon the petitioner for getting his right to conduct cross-examination of the complainant re-opened but, even thereafter, the petitioner had not availed of the opportunity to cross-examine the complainant for reasons best known to him. Further, the petitioner had not produced any evidence in his defence nor had submitted any oral / written arguments or had examined any witness inhis defence.

Para no.12.

From the above set of facts, it appears that the decision to not remain present on the next date aftergetting his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date and to not conduct cross-examination of the complainant in spite of being afforded with sucient opportunities, was a deliberateor voluntary decision taken by the petitioner. In the interregnum, there is nothing to suggest that the petitioner or his advocate had led any application requesting the trial Court to grant him an opportunity to record his Further Statement u/s. 313 of Cr.P.C. or to conduct cross-examination of the complainant. The petitioner went into oblivion after the date when his Further Statement u/s. 313 of Cr.P.C. came to berecorded but before it could be exhibited.

Therefore, the trial Court was left with no other option but toconduct the trial in the absence of the petitioner, who had deliberately or voluntarily chosen to evade thetrial proceedings. Under these circumstances, there was no reason for the trial Court to issue any warrantagainst the petitioner, as contended by learned advocate for the petitioner. Moreover, the petitioner hadnot produced any evidence in his defence or had made any submissions either oral or in writing.

આમ, ઉપરોકત ચુકાદામાંનો સિધ્ધાંત ધ્યાને લેતાં આરોપીને જયારે ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે Opportunity આપવામાં આવેલ હોય, તેમ છતાં આરોપીએ તે Opportunity નો ઉપયોગ કર્યા વગર ગેરહાજર રહેલ હોય અને ફરીયાદીની ઉલટતપાસ લીધેલ ન હોય, તેવા કિસ્સામાં કોર્ટને આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવો તથા trial proceedings કરવી તે યોગ્ય અને વ્યાજબી કહેવાય તે અંગેના સિધ્ધાંત ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપીત કરવામાં આવેલ છે.

આમ, ઉપરોકત ચુકાદામાંનો સિધ્ધાંત ધ્યાને લેતા હાલના કેસમાં આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવો તેમજ trial proceedings કરવી તે યોગ્ય જણાય આવે છે.

વધુમાં, આરોપી હુકમના સમયે અત્રેની કોર્ટમાં હાજર રહેલ ન હોય આ સંજોગોમાં **નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ૨૦૧૭(૩) ૧૪૬ શરદ જેઠાલાલ સાવલા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યા મુજબ આરોપીની ગેરહાજરીમાં પણ જજમેન્ટ આપી શકાય.** હાથ પરના કેસમાં આરોપી હાજર રહેલ નથી. જેથી આરોપીની ગેરહાજરીમાં

જજમેન્ટ જાહેર કરેલ છે. આ સંદર્ભેની રજુઆત પણ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ ને ખંડીત કરવા પુરતી નથી.

આમ, ઉપરોક્ત ચુકાદામાંના સિધ્ધાંતો તથા કેસની તમામ હકીકતો, સંજોગો તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપુ છું અને મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

–// **<u>આખરી હુકમ</u>** //–

(૧) હાલના કામે આરોપી– **જયેશભાઇ શામજીભાઇ કણઝરીયા** નાંઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય આરોપીને એક વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ સી.આર.પી.સી.કલમ ૩૫૭(૩) અન્વયે રૂા.૧,૭૫,૦૦૦/– (અંકે રૂપિયા એકલાખ પંચ્ચોતેરહજાર પુરા) નું વળતર ફરીયાદીને આ હુકમની તારીખથી દિન–૬૦ માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી સદર વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) નામ.સુપ્રીમ કોર્ટના Rajesh Ponadda Vs. Satyanarayan Srirangam, Reported in 2019(1) ACJ (sc) 478 ના ચુકાદામાનો સિધ્ધાંત ધ્યાને રાખી આરોપી ચુકાદાના સમયે હાજર રહેલ ન હોય તેથી આ ચુકાદાની વિનામુલ્યે નકલ મેળવવાનો હકક રદ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપી આજરોજ ચુકાદાના દિવસે હાજર ન હોય તેમજ મુકિત અરજી રજુ ન હોય આરોપી વિરૂધ્ધ આ સજા અમલ સંબંધેનું બીન જામીનલાયક વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : સુરેન્દ્રનગર.
તારીખ : ૨૩/૦૭/૨૦૨૬.

(કાર્તિક મનુભાઈ આહીર)
બીજા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર.
કોડ નંબર – જીજે ૦૧૪૯૦